
દીવાળી ને લઘુચંદનું ફારસ.

પ્રસિદ્ધ કર્ત્તા

લલુ વલ્લભ ધોલેરા વાળા
મુ૦ વીરમગામ.



અમદાવાદ.

યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ.

સંવત ૧૯૪૬. સને ૧૮૯૦.

કીંમત એક આનો.

૪૫૫૩

દીવાળી ને લઘુચંદનું શારસ.

પ્રવેશ ૧ લો.

(બ્રાહ્મણો સર્વે ભેગા થઇને ભોજનની ગડબડ કરેછે.)

(છોડી બામનકી છોડી બામનકી) એ રાગ.

બ્રાહ્મણો—મારા બુઢાકાકા (૨) સ્વાદ મીષ્ટાન અમને બહુ ભાવે રે.
બુઢાકાકા—બોલોને છોકરાઓ શું ખાવાનું છે મંન,
જજમાન એવો મળે તો કરાવે ભોજંન; મારા બુઢા૦
૧ **જપનાથ**—અમારે તો કાકા જોઇએ શેર શેરના લાડુ,
ઘી માંહે લચ પચે તો તનડું થાએ ટાઢું. મારા બુઢા૦
૨ **રૂઢીધર**—મારા સાળા લાડુ મુને ભાવતા નથી,
બરફીનું બહુ મંન થાયછે કહુંછું કથી. મારા બુઢા૦
૩ **વેમશંકર**—બરફીમાં તો શું ખાવું છે કરને બીજી વાત,
દુધપાક બનાવીને ઉપર કરીએ ભાત; મારા બુઢા૦
બુઢાકાકા—ગડબડ ઝાઝી શું કરોછો બોલીદોને ઝટ;
ખાવાનું શું મન થયું છે કહોને ઝટપટ મારા બુઢા૦
બ્રાહ્મણો—સૌથી બાસુદી પુરીમાં બહુ રહ્યો છે સ્વાદ,
કાકા અમને કરી આપો તો લઈએ રે પ્રસાદ. મારા બુઢા૦

(એટલામાં લઘુચંદ આવેછે.

લઘુચંદ—અલ્યા બ્રાહ્મણો, બાસુદી પુરીમાં એટલો બધો સ્વાદ છે તો તમેમ ને બતાવો તે પ્રમાણે હું મારે ઘેર કરાવીશ.

બ્રાહ્મણો—સાંભળો ત્યારે દુધ શેર ૫) સાકર શેર ૩) સોનામુખી શેર ૧) ગુલાબના ફુલ શેર ૦॥) નસોતર શેર

ા કાળા મરી નવટાંક એ પ્રમાણે સામાન લઇને દુધ પેહેલું ચુલે મુકવું, દુધ ઉકળે ત્યારે સરવે મસાલો અંદર નાખવો એટલે બાસુદીના સ્વાદનો પાર રહેશે નહિ.

(સર્વે જાયછે)

(પ્રવેશ ૨ જો. લઘુચંદનું દીવાનખાનું.)

લઘુચંદ—પ્યારી ઘરમાં શું કરેછે. અહીં આવ એક વાત કહું. હું કહું તે પ્રમાણે મુને બાસુદી પુરી કરી આપ એટલે આપડે જમીએ.

દીવાળી—આવા ઢોંગ કયાંથી લાવો ા. તમને સાફ કહુંછું જે હું કદી કરી આપવાની નથી અને મારે મન મળતું જે રાંધીશ તે ખાવું પડશે; બાસુદી ફાસુદી કરી આપવાની નથી તે તમારે ખચીત જાણવું. નહીં તો હું મારે પીયર જઈશ.

લઘુચંદ—એમ છે ત્યારે તું કરીશ ને હું ખાઇશ તેમાં આપડે સરત શી ?

દીવાળી—જો હું બાસુદી પુરી કરી આપું ને તમે ખાવ તો તમારી દાસી થઈને રહું નહીં તો તમારે ભડવા થઇને રહેવું પડશે (કેમ કબુલ છે)

લઘુચંદ—હા તે બરાબર છે (લઘુચંદ મનમાં વીચાર કરેછે કે રાંડ હઠીલી છે તેથી કરી આપશે નહી માટે મારે સાસરે જઇને તેના બાપને તેડી લાવું, તો એના સારૂ બાસુદી પુરી કરશે ત્યારે કાંઈક ઉપાય કરીશું માટે ચાલ તેડવા જાવું. (જાયછે)

(પ્રવેશ ૩ જો. મુળચંદશાનું ઘર.)

મુળચંદ—અરેરે ઇશ્વર હવેથી મારૂં શરીર ચાલતું

નથી તેમજ આંખે અંધ કાને બહેરો, હાથ પગ પણ વાયે રહી ગયાછે તેથી દીવાળીને ઘરે જવાની શકતી પણ નથી તેમ કરતાં હમણાથી સમાચાર પણ આવ્યા નથી.

(એટલામાં લઘુચંદ આવેછે)

લઘુચંદ—સસરાજી જવારછે (મુળચદશા તમારી દીકરીને મંદવાડ ઘણો થઈ ગયોછે માટે એકદમ હું તેડવા સારૂં આવ્યોછું. (સરવે જાયછે.)

(લઘુચંદનું ઘર, મુળચંદશા, લઘુચંદ ને દીવાળી.)

મુળચંદ—ઓય મારી દીવાળીરે

દીવાળી—હાયહાય એના બાપારે

મુળચંદ—કોણ દીવાળી? તું જીવેછે. તુને તાવ આવતો હતો તે સુવાણુ છે. મુને તો લઘુચંદે આવીને કહ્યું એટલે મારો તો જીવ ઊડી ગયો.

દીવાળી—ઓય મારો પીટ્યો એવું કહીને તેડી લાવ્યો કે, હશે આવ્યા તો ભલે આવ્યા બાપ દીકરી ભેગા થયા હવે તમે કહો તે રસોઈ કરૂં.

મુળચંદ—મારા દાંત પડી ગયાછે માટે બોખે દાંતે ચવાય તેમ કરે તો સારૂં.

દીવાળી—બોખે દાંતે તો આસુદી પુરી ખવાશે કારણ કે મારો સ્વામી તેના બહુ વખાણ કરેછે માટે તમારે જોસે એટલી કરીશ વધારે નહી કરૂં.

મુળચંદ—ઠીક ત્યારે તાકીદથી કર મને તો ભુખ લાગીછે.

દીવાળી—તમે વાડામાં જઈને નહી આવો મેં પાણી ઉનું મુક્યું છે.

લઘુચંદ—જોયું બાપની સારૂં ઉનું પાણી, ને ધણીના સારૂ ટાઢું પાણી નાવા મુક્યું છે. જોઈ રાંડની બહાદુરી પણ

જુવો કેવો પ્રપંચ કરૂંછું તે જોશો.

(વાડામાં ઉનું પાણી મુક્યું છે ત્યાં જઈને નાહી લેછે અને મુળચંદશાને ટાઢા પાણીએ નવરાવેછે. ટાઢા પાણીથી રાડ પ.ડી કહેછે દીવાળી તારૂં સત્યાનાશ જાય મુને ટાઢા પાણીથી નવરાવ્યો.)

દીવાળી—ચાલો જે થનાર હતું તે થયું. રસોઈ તૈયાર થઈ છે જમવા ઉઠો.

(પ્રવેશ ૪ થો. ભોજન ગ્રહ.)

દીવાળી (એકલી) (જોડીરે તુમે નજ જોઈ માડી) એ રાગ.

ખરેખરી હું જો હતુ નારીરે (બેવાર)
મુજ પતીને કેવો રમાડું જુવો નર નારી
પતી મારો ગયો પીયર માંહીરે (બે વાર)
મમ પીતાને સમજાવીને લાવ્યોછે આંહી
જુવો એણે બહુ કર્યું ખોટુંરે (બે વાર)
બાસુદી પુરી ખાવાનું મન થયું મોટું.

દીવાળી-પીતાજી આ થાળમાં બાસુદી પુરી શાક વીગેરે પીરસ્યું છે તે જમો હું પાણી ભરવા જાઉંછું.

(દીવાળી જાયછે)

લઘુચંદ—ઓય રાંડની, પોતાના બાપા સારૂ બાસુદી પુરી ને મારી વાસ્તે રોટલો ને હુંગળીનો કાંદો મુકગોછે પણ જો બાસુદી પુરી ખાઉં તોજ મારૂં નામ ખરૂં.

મુળચંદશા—લઘુચંદ તમારે જમવાની શી વાર છે ?

લઘુચંદ—તમે પુજા પુજા કરી કે ખાવાજ માંડી પડ્યા.

મુળચંદ—ના, ભાઈ પુજા પુજા તો કરી નથી.

લઘુચંદ—ચાલો ત્યારે કરી લ્યો. પછી જમવા બેસીએ.

(પુજા કરવાને બેસાડેછે)

મુળચંદ—પુષ્પ સમરપયામી.

લધુચંદ– બાસુદી આરોગ્યન સમરપયામી.

મુળચંદ—ધુપાયં નમઃ નિવેદન સમરપયામી

લધુચંદ—સીરોપુરી સર્વે આરોગ્યન સમરપયામી.

પોતાના સસરા સારૂ રોટલોને ડુંગલીનો કાંદો મુકીને જાયછે અને મુળચંદ મેતા જમવા બેસેછે તો થાળમાં રોટલોને ડુંગળીનો કાંદો દીઠો. (જોયુ રાંડ દીવાળી જુઠું બોલીને કયાં જતી રહી) મારે બોખે દાંતે ચવાશે કેમ.

(એટલામાં દીવાળી આવેછે.)

દીવાળી—કેમ પીતાજી શું કહોછો?

મુળચંદ—શું કહુ તારૂ કપાળ. તારી બાસુદીપુરી કયાં ગઈ ને મને ભુખ્યો રાખ્યો.

દીવાળી—તમે અહીથી કયાંય ગયા હતા.

મુળચંદ—હા પુજા કરવા ગયો હતો.

દીવાળી—ઓય મારો પીટયો બાસુદીપુરી ખાઈને કયાં જતો રહ્યો જો બાસુદીપુરી પાછી કઢાવું તોજ મારૂં નામ દીવાળી

પ્રવેશ ૫ મો. શયનગ્રહ.

(દીવાળી મુળચંદ ને લધુચંદ.)

દીવાળી—ચાલો પીતાજી આ ખાટલા ઉપર સુઈ જાવ.

(મુળચંદ ખાટલે સુવેછે.)

લધુચંદ—જોયું એના બાપ સારૂ ખાટલો અને ઉપર તળાઈ પાથરી છે, અને મારે માટે ભોંય સાદરી પાથરીછે પણ ઠીક છે આગળ હું છું. એમ કહી સાદરી ઉપર સુઈ જાયછે.

દીવાળી—ઓય મારો રડયો કેવો સુતો છે પણ ફીકર

નહી કેટલીવાર સુધી જાગશે.

લઘુચંદ—જો ઊઠી જઈશ તો ભોગ મળશે ને ઊલટો માર ખાવો પડશે માટે પ્રથમ ઉપાય કરવો સારો છે માટે ચાલ ખાટલા પાસે જઇને યુક્તિ કરૂં. (ખાટલા નીચે જઇને ચુંટીયા ભરેછે પછી મુળચંદ મેતો જાગી ઉઠેછે ને બોલેછે.)

મુળચંદ—મારા શાળા માંકડ બહુ કરડેછે (એટલે લઘુચંદ ખાટલો ઊંધો પાડેછે એટલે મુળચંદમેતા રડેછે.

લઘુચંદ—શું થયું મુળચંદમેહેતા!

મુળચંદ—જુવોને ખાટલો ઊંધો પડયો, અને હું નીચે પડયો તેનું કારણ શું?

લઘુચંદ—આંહી તમોને કોણે સુવાડ્યા આ ઠેકાણે તો ભુત છે ચાલો બહાર જઇને સુઈ રહીએ કેમ જે પવન ને હવા સારી આવેછે (પછી પોતાના બીછાના ઉપર મુળચંદ મેહેતાને સુવાડે છે અને પોતે ખાટલા ઉપર સુઈ રહેછે.)

દીવાળી જોયું બાસુદીપુરી ખાઇને કેવો ઊંઘેછે અત્યારે ઠીક લાગ આવ્યો છે. (એમ કહીને ખુબ મારેછે એટલે મુળચંદ મેહેતો રાડ પાડીને જાગી ઊઠેછે.)

મુળચંદ—ઓય ઓય માડી મરી ગયોરે.

દીવાળી—અરર પીતાજી અહીંયા તમને કોણે સુવાડ્યા.

મુળચંદ—ભોગ લાગ્યા જે તારે ઘેર આવ્યો ખાવાનું તો મળ્યું નહી પણ ઊલટો માર ખાવો પડ્યો. હવે હીમખીમ ઘરે જઈએ તો સારૂ.

દીવાળી—અહીંઆ તમને કોણે સુવાડ્યા જે ખાટલો મુકીને ભોંય સુતા.

મુળચંદ—ત્યાંતો માંકડ કરડતા હતા ને ખાટલો ઊંધો

વજ્યો એટલે લઘુચંદે આવીને અહીં સુવાડ્યો.

દીવાળી—હવે અહીંઆ સુઈ રહેજો ક્યાંય જશો માં. જો જો ભુલી જતા નહી.

મુળચંદ—ભુલી તે કેમ જઇશ હજી હાડકા દુખેછેને.

દીવાળી—જો પીટ્યો પોતાના સસરાને માર ખવરાવીને કેવો સુતો છે પણ તેના કેવા હવાલ થાયછે તે જોજો.

(એમ કહી જાયછે.)

લઘુચંદ—રાંડ મુને પણ માથાની મળીછે પણ જોઇએ તો ખરા. એમ કહી મુળચંદમેહેતા પાસે જાયછે મુળચંદ મેહેતા આંહી મારામારી સેની થઈ હતી.

મુળચંદ—મારા કરમના ભોગ જે તમારા ઘેર મેમાન આવ્યો અને દીવાળીનો માર ખાવો પડયો તમે કયાં ગયા હતા.

લઘુચંદ—આંહી સુવામાં કાંઈ માલ નથી માટે ચાલો ઘરમાં ખાટલા નાંખીને સુઈ રહીએ અને તમને કોઈ મારવા આવે તો મને તરત બોલાવજો અને તમે સામા મારવા માંડજો. સાથી કે આ ઠેકાણે પીસાચનું જોર વધારે છે માટે સાવચેત રહેજો.

(મુળચંદમેહેતાને ખાટલે સુવાડેછે ને પોતે ભોંય સુઈ રહેછે.) એટલામાં દીવાળી આવેછે અને ખાટલે સુતેલો જોઈ કહેછે.

દીવાળી—ખાઈ પીને મારો રડયો કેવો ઉંઘેછે લાગ તો સારો છે એમ કહી ખાટલા પાસે જઈને ખુબ મારેછે એટલે મુળચંદમેહેતા એકદમ જાગી ઊઠેછે (દીવાળી) અરે વળી અહી ક્યાંથી આવ્યા બાપા.

મુલચંદ—રાંડ સંખણી ભુતડી વારે વારે મારી જાયછે અલ્યા લઘુચંદ દોડ, દોડ. આ પીસાચણી આવી લઘુચંદ દોડી આવેછે.

લઘુચંદ—મારો મારો રાંડને વારે વારે મારી જાયછે એજ ભુતડી પછી દીવાળીને બંનેજણા ખુબ મારેછે.

(ચુપાચુપ.)

વરડા કાકાના લગ્નનું ગીત. જેના મારૂજી હોરાજ (એ રાગ.

ખોખલો ખવીસ આવ્યો કન્યાનો કાળ;
ઓખલો બીહામણો છે મુખ એનું બાળ. જેના૦
તોરણ લાગ્યા તણુંબા માંડવે લાગી લાય;
ઊડચ ગધાડી પુખવા ભગરાળો બાઢી થાય. જેના૦
સોનાનો સવૈયો રૂપા કેરી ત્રાક;
છાની રીતે છરી ધસી વાઢો વરનું નાક. જેના૦
ડાચા એના મળી ગયા કાચા આંખો કાન;
મુસળેથી મારો એને સારી આવે સાન. જેના૦
વરડો ગધેડે ચડી આવ્યો તારે ઘેર;
જમાડો જમઇ તારૂ વાળવાને વેર. જેના૦
આડા વાંસે ચોરી બાંધો ગોર મુકો પોક;
માંડવે મોકાણ માંડો લાંબા સગે લોક. જેના૦
માથે મેલી ઝાંખર ને ભડકો જમણે હાથ;
દીકરીનો દાટ વાળ્યો સગા મળી સાથ. જેના૦

સમાપ્ત.